**માળીયા(મીં) ના મહે. જયુડી. મેજી. ફ.ક.સાહેબની કોર્ટમાં માળીયા (મી)**

ફો.કે.નંઃ– ૧૦૦૦/૨૦૨૨.
આંક–

**શ્રી સરકાર** ......ફરીયાદી
વિરૂઘ્ધ

(૧) ફતેમામદ તાજમહમદભાઈ જામ, વિ.–૨,
રહે, માળીયા(મી).

......આરોપી.

બાબત : જુગાર ધારાની કલમ–૧૨. મુજબ.

:: ઠરાવ ::

(૧) આ કામનાં આરોપીઓ વિરુઘ્ધ તાઃ–૦૯/૦૩/૨૦૨૨, ના રોજ જાહેરમા જુગાર રમતાં મુદામાલ સાથે મળી આવ્યા સબંધે જુગાર ધારાની કલ–૧૨. અન્વયે શીક્ષા પાત્ર ગુન્હાનો આરોપ છે.

(૨) આરોપીઓ વિરુઘ્ધ સદર ગુન્હાનુ ચાર્જશીટ રજુ થયા બાદ આરોપીઓને સમન્સ બજતાં હાજર થતાં નકલો આપી, તેઓની કબુલાત પુરશીશ રજુ થતા તથા પ્લી લેતા સ્વેચ્છાએ ગુન્હો કબુલ હોવાનું જણાવતાં સદરહુ ગુના માટે આરોપીને તકસીરવાર ઠરાવવામાં આવે છે.

(૩) વધુમાં આરોપીઓએ જણાવેલ છે કે આ તેઓનો પ્રથમ ગુનો છે તેઓ ગરીબ મજુર વર્ગના કુટુંબમાં એકલા કમાનાર માણસ છે. અને હવે પછી ભવિષ્યમાં તેઓ આવો કોઈ ગુનો કરશે નહિ તેવી ખાત્રી આપે છે. તેમ જણાવી દયા દાખવવા વિનંતી કરેલ છે. જેથી તમામ હકીકત ઘ્યાને રાખી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:: **હુ ક મ** ::

આરોપીઓ (૧) ફતેમામદ તાજમહમદભાઈ જામ, (૨) સાવદીનભાઈ હૈદરભાઈ માણેક, (૩) ફારૂકભાઈ હનીફભાઈ માલાણી, રહે.માળીયા(મી). વાળાને ક્રિ. પ્રો. કોડ ની કલમ ૨૫૨ અન્વયે દોષીત ઠરાવી જુગાર ધારાની કલમ – ૧૨, મુજબ ના ગુન્હા બદલ તકસીરવાર ઠરાવી પ્રત્યેક આરોપીઓને કોર્ટ ઉઠતા સુંધીની સજા અને રૂ.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા) કુલ રૂ.૬૦૦/– પુરાનો દંડ કરવામાં આવે છે. દંડ ભરવામાં કસુર થયે આરોપીએ દિન –૧૦ ની સાદી કેદની સજા ભોગવવી.

જામીન તથા જાતમુચરકા રદ કરવામાં આવે છે. આજરોજ હુકમ અદાલત મઘ્યે જાહેર કર્યો.

મુદામાલ રોકડ રકમ સરકારશ્રીમા જમા લેવી તથા મુદામાલ જુગાર સાહીત્ય નો નાશ કરવો.

હુકમ આજરોજ તા ૧૨/૧૧/૨૦૨૨, ખુલ્લા ન્યાયાલયમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

**મુકામ : માળીયા (મી)** **( એ.કે.સીંઘ )**
**તારીખ : ૧૨/૧૧/૨૦૨૨.** **જયુ. મેજી. ફ. ક., માળીયા (મી).**
**U.I.C. NO. GJ01295**